| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૩૦/૧૨/૨૦૨૩ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## સરદારનગર પો.સ્ટે. વિસ્તારમાંથી દારુની મહેફિલનુ આયોજન કરી મહેફિલ માણતા ૧૩ ઈસમોને વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ-૧૦૭ કિ.રૂ.૧૪,૩૩૦/- મળી કુલ્લે રુપિયા ૫,૨૯,૨૮૦/ ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ તા.૨૯.૧૨.૨૩ ના રોજ પો.સબ.ઈન્સ.શ્રી બી.આર.ક્રિશ્રીયન, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેશભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો. મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો. વિજેન્દ્ર ભંવરલાલ બ.નં.૪૧૪૩, અ.હે.કો. સુખદેવસિંહ લાખુભાઈ બ.ન.૮૨૮૧, અ.હે.કો.ઈન્દ્રવિજયસિંહ દાદુભા બ.ન.૯૨૬૫, અ.હે.કો. પરાક્રમસિંહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.મનહરસિંહ નહારસિહં બ.નં.૩૭૬૧, અ.હે.કો.ધર્મેન્દ્રસિંહ હરીશચન્દ્રસિંહ બ.નં.૩૯૩૭ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.હે.કો. મહાવીરસિંહ બળવંતસિહ તથા અ.હે.કો. વિજેન્દ્ર ભંવરલાલ નાઓને સંયુક્તરીતે ચોકકસ હકીકત મળેલ કે " કવિતાબેન હરીશભાઈ તુસેકર (છારા) રહેવાસી સંતોષીનગર ના છાપરા મહાકાળી મંદિર સામે, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ નાએ પોતાના રહેણાક મકાનમાં ભારતીય બનાવટનો વિદેશીદારુ નો જથ્થો રાખી પોતાના ઘરની નીચે ગ્રાઉન્ડ ફલોર ઉપર બહારથી ગ્રાહકો બોલાવી વિદેશી દારુની મહેફીલનુ આયોજન કરેલ છે" જે વિગેરે મતલબેની બાતમી હકીકત આધારે ઉપરોકત જગ્યાએ સ્ટાફના માણસોએ રેઈડ કરતા ઉપરોકત આરોપીબેન તેમજ અન્ય ૧૨ ઈસમો મળી કુલ્લે ૧૩ ઈસમોને વિદેશીદારુની બોટલો તેમજ ટીન બીયર મળી કુલ્લે નંગ ૧૦૭ કિ.રૂ.૧૪,૩૩૦/- તેમજ અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૫,૨૯,૨૮૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૦૨૩૨૮/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૮૧,૬૮,૮૪,૮૬,૯૮(૨),૧૧૬(બી) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## પકડાયેલ આરોપીઓ:

(૧) કવિતાબેન હરીશભાઈ સોમચંદ તુસેકર (છારા) ઉ.વ.૪૫ રહે.સંતોષીનગર ના છાપરા મહાકાળી મંદિર સામે કુબેરનગર અમદાવાદ (૨) નરેશ ઉર્ફે કાઠીયાવાડી રાજાભાઈ ઉકાભાઈ ગોહિલ ઉ.વ.૩૮ રહે. જશુબેનની ચાલી, સંતોષીનગરના છાપરા, કુબેરનગર સરદારનગર અમદાવાદ (૩) અર્જુનભાઈ ઉદાજી ગુર્જર (પટેલ) ઉ.વ.૪૫ રહે.બી.એમ. ટ્રેડર્સના ગોડાઉનમાં, નરોડા જીઆઈડીસી અમદાવાદ (૪) વિનુ મડીયા ભાભોર ઉ.વ.૩૨ રહે. ગ્રામ પંચાયત ઓફિસ સામે કાચા છાપરામાં ભાટ અમદાવાદ (૫) નવિન ગજેન્દ્ર કામલે ઉ.વ.૩૫ રહે.એફ/૨૦૪ વાઈબ્રન્ટ રેસીડેન્સી, હંસપુરા, નરોડા, અમદાવાદ (૬) દિનેશ ટીટુભાઈ ભાભોર ઉ.વ.૩૬ રહે. ગ્રામ પંચાયત ઓફિસ સામે કાચા છાપરામાં ભાટ અમદાવાદ (૭) દિનેશ જીતરાભાઈ ગરવાડા ઉ.વ.૨૮રહે. ગ્રામ પંચાયત ઓફિસ સામે કાચા છાપરામાં ભાટ અમદાવાદ (૮) પુર્વેશ વિભાગકરભાઈ  નાયક ઉ.વ.૩૮ રહે.એચ/૨૦૩, શ્લોક પરીશર નિરમા યુનિ.ની બાજુમાં ગોતા, અમદાવાદ (૯) કિરીટ ખીમાભાઈ ડાંગર ઉ.વ.૩૩ રહે.૧૪૭, રામકૃષ્ણ સોસાયટી, ખોડીયાર માતાના મંદિર પાસે નિકોલ, અમદાવાદ (૧૦) સુનીલ ગોવિંદભાઈ પટેલ ઉ.વ.૪૭ રહે.૩૫ જય ગાયત્રીનગર સોસા., અંબીકા સોસા.ની બાજુમાં, મેઘાણીનગર અમદાવાદ (૧૧) રવિ રામભાઈ મારવાડી ઉ.વ.૨૪ રહે. સંતોષીનગર ના છાપરા ભાગ્યોદય સોસા.ની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ (૧૨) જીગ્નેશકુમર ત્રિકમલાલ શાહ ઉ.વ.૩૦ રહે. ૪૧ અંત્યોદય નગર સોસા.મોનોગ્રામ પોલીસ ચોકી પાસે, રખીયાલ અમદાવાદ શહેર (૧૩) વિશાલ કિર્તીકુમાર પટેલ ઉ.વ.૩૨ રહે.૯૪૬/૩, શંકરભાઈની ચાલી, ફતેહનગર, એલીસબ્રીજ, અમદાવાદ શહેર

## વોન્ટેડ આરોપી :

(૧) હર્ષદ ઉર્ફે મુંગડો જેલીયાભાઈ તમાઈચે રહે. છારાનગર સરદારનગર અમદાવાદ

## ગુનાની જગ્યા :

કવિતાબેન હરીશભાઈ સોમચંદ તુસેકર (છારા) રહેવાસી: સંતોષીનગરના છાપરા, મહાકાળી મંદિર સામે, કુબેરનગર અમદાવાદના મકાનમાં

## પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટનો વિદેશીદારુ ભરેલ બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ ૧૦૭ કિ.રૂ.૧૪,૩૩૦/ (૨) રોકડા રુપિયા ૮૯૫૦/- (૩) મોબાઈલ ફોન નંગ ૯ કિ.રૂ.૮૧,૦૦૦/- (૪) ૪ ટુ વ્હીલર તથા ૧ ફોર વ્હીલર કિ.રૂ.૪,૨૫,૦૦૦/- (૫) લાઈટ બિલ કિ.૦૦ (૬) પ્લાસ્ટીકની ખુરશી નંગ ૧૭ તથા પ્લાસ્ટીકના ટેબલ નંગ ૧૦ તથા પ્લાસ્ટીકના ગ્લાસ નંગ ૧૧ તથા વિદેશીદારુ ની ખાલી બોટલો નંગ ૨૦ તથા ટીનબીયર ના ખાલી ટીન નંગ ૬ કિ.રૂ.૦૦ ગણી કુલ્લે રુપિયા ૫,૨૯,૨૮૦/ ની મત્તાનો મુદામાલ

**ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વરલી મટકાનો સટ્ટા બેટિંગનો જુગાર રમતા ૩ ઈસમોને રોકડા રુપિયા ૨૮,૮૭૦/ મળી કુલ્લે રુપિયા ૮૮,૮૭૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.**

પોલીસ કમિશનરશ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ ૨૯.૧૨.૨૦૨૩ ના રોજ સ્ટાફના મ.સ.ઇ.ચેતનકુમાર હિતેશભાઇ બ.નં.૧૩૫૩૮, અ.હે.કો. વિજેંદ્ર ભંવરલાલ બ.નં.૪૧૪૩, અ.હે.કો.સુખદેવસિંહ લાખુભઇ બ.નં.૮૨૮૧, અ.હે.કો.પરાક્રમસિંહ ભગવાનભાઇ બ.નં.૪૫૭૪, અ.હે.કો. મહાવીરસિંહ બળવંતસિંહ બ.નં.૪૬૧૧, અ.હે.કો.મનહરસિંહ નહારસિહં બ.નં.૩૭૬૧ તથા અ.હે.કો.ધર્મેદ્રસિંહ હરીશચંન્દ્રસિંહ બ.નં.૩૯૩૭ તથા અન્ય સ્ટાફના માણસો પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો. વિજેન્દ્ર ભંવરલાલ તથા અહેકો સુખદેવસિંહ લાખુભાઇ નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે નહી પકડાયેલ આરોપીબેન સમીરબાનુ મહંમદાસ્ફાક શેખ રહે.દેવી પ્રસાદના છાપરા હાજીગફારની ચાલી ચાંદસહીદ દરગાહ ની સામે ગોમતીપુર અમદાવાદ શહેર નાની તેના ભાડુતી માણસો રાખી પોતાના ઘર સામે બહાર ખુલ્લી જગ્યામાં પોતાના આર્થિક ફાયદાસારૂ બહારથી ગ્રાહકો બોલાવી સટ્ટા બેટીંગના આંક લખી લખાવી આંક ઉપર આંક ફરકનો નાણાંની હારજીતનો જુગાર રમી રમાડતી હોય રેઈડ કરતા આરોપીઓ નામે જમીર આલમ ઉર્ફે મોની સ/ઓ જહીરઅહેમદ મીંયાખા રાજપુત ઉ.વ.૪૫ રહે.૬૨/૩૭૮ ગુજરાત હાઉસીંગ બોર્ડ મોરારી ચોક બાપુનગર અમદાવાદ શહેર તથા અન્ય બે આરોપીઓ મળી કુલ્લે ૩ આરોપીઓને રોક્ડા રુપિયા ૨૮,૮૭૦./- તથા તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૮૮,૮૭૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૦૧૮૨૩૧૭૧૦/૨૦૨૩ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :**

(૧) જમીર આલમ ઉર્ફે મોની સ/ઓ જહીરઅહેમદ મીંયાખા રાજપુત ઉ.વ.૪૫ ધંધો મજુરી રહે.૬૨/૩૭૮ ગુજરાત હાઉસીંગ બોર્ડ મોરારી ચોક બાપુનગર અમદાવાદ શહેર (૨)મુકેશકુમાર અમૃતકુમાર પટેલ ઉ.વ.૫૨ ધંધો મજુરી રહે.ઘ.નં.૪૧ જલસાગર સોસાયટી મહાદેવ નગર વસ્ત્રાલ રોડ અમદાવાદ શહેર (૩) બાબુભાઇ મગનભાઇ પટેલ ઉ.વ.૫૨ ધંધો વેપાર રહે.૩૮૪ રૂમ નંબર ૨૦૮૩ ગુ.હા.બોર્ડ ગાયત્રી મંદિર પાછળ બાપુનગર અમદાવાદ શહેર

**નહી પકડાયેલ :**

(૧) સમીરબાનુ મહંમદાસ્ફાક શેખ રહે.દેવી પ્રસાદના છાપરા હાજીગફારની ચાલી ચાંદસહીદ દરગાહની સામે ગોમતીપુર અમદાવાદ શહેર (૨) નવાબ શેખ રહે.ગોમતીપુર અમદાવાદ શહેર (૩) જગંલીભાઇ (૪) મોની (૫) સફલ

**ગુનાની જગ્યા**: નહી પકડાયેલ આરોપીબેન સમીરબાનુ મહંમદાસ્ફાક શેખ રહે.દેવી પ્રસાદના છાપરા હાજીગફારની ચાલી ચાંદસહીદ દરગાહ ની સામે ગોમતીપુર અમદાવાદ શહેર ના ઘર આગળ ખુલ્લી જગ્યામાં

**પકડાયેલ મુદામાલ** : (૧) નાણાં રુપીયા ૨૮,૮૭૦/- (૨) મોબાઇલ ફોન નંગ-૬ કિ.રૂ.૬૦,૦૦૦/- (૩) વરલી મટકાના સટ્ટા બજારના આકડા લખેલ ડાયરીઓ નંગ ૪ તથા એક ચોપડો તેમજ આંકડાઓ લખેલ રબ્બર બેંડ મારેલ ૧૦ થપ્પીઓ તથા ૨ સ્કીન શોર્ટ તથા સટ્ટા સ્લીપો તથા બોલપેન કિ.રૂ.૦૦/- મળી કુલ્લે રૂ.૮૮,૮૭૦/- નો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, ૮૬૮ લીટર દેશી દારૂ, ૭૩૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૬ બીયરટીન, ૦૧ મોટર સાયકલ, ૦૫ સ્કુટર, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૦/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૧/૨૦૨૩**

**નવરંગપુરાઃ** અરૂણાબહેન વા/ઓ નવીનચંદ્ર મહેતા (ઉ.વ.૮૩)(રહે.રસીક નિવાસ-૦૧, ભારતી સોસાયટી સામે, મિઠાખળી ગામ પાસે, નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસે સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૩ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના ઘરનાં દરવાજા પાસે એક અજાણ્યો પુરૂષ (૩૫ વર્ષના આશરાનો) એ અરૂણાબહેનના ગળામાં પહેરેલ સોનાની પેંડલ સહિતની ચેઇન કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.ચંપાવત ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૨/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સીટીઃ** પ્રગ્નેશભાઇ જશવંતલાલ ગોવાણી (ઉ.વ.૩૭)(રહે.યુનિક એઝાન્ઝા, શીવમ એપાર્ટમેન્ટની બાજુમા, ઓડી શો-રૂમ પાછળ, સોલા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૩ સાંજના ૪/૧૫ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન AEC રોડ ખાતે આવેલ સુર્યા આયકોન બીલ્ડિંગના પાર્કિંગમા પાર્ક કરેલ પોતાની હુન્ડાઇ ક્રેટા કારની ખાલી સીટની પાછળનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મુકેલ બેગ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એસ.પઠાણ ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૯૩/૨૦૨૩</u>

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અનિલ પંચુ જયસ્વાલ (ઉ.વ.૪૨)(રહે.મરિયમબીબીની દરગાહ પાસે, વટવા) તા.૨૭/૧૨/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે વટવા મહાલક્ષ્મી ચાર રસ્તા નજીક ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા મોટર સાયકલ ચાલકે (જેના નામ કે નંબરની ખબર નથી) એ પુરઝડપે અને બેદરકારીથી મોટર સાયકલ ચલાવી લાવી, અનિલભાઇને ટક્કર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૧૨/૨૦૨૩ સાંજના ૪/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અનિલભાઇના મોટાભાઇ જયપ્રકાશ પંચુ જયસ્વાલ એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.શેરસીયા ચલાવે છે.

## <u>ભુલથી ઝેરી પ્રવાહી પી લેતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૯૪/૨૦૨૩</u>

**રામોલઃ** ભીખભારતીભાઇ ધીરભારતીભાઇ ગૌસ્વામી (ઉ.વ.૨૫)(રહે,ગંગા એપાર્ટમેન્ટ માધવ ગાર્ડન સામે વસ્ત્રાલ) તા.૨૬/૧૨/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનમાં અંધારામાં ભુલ થી પાણી ના બદલે ઉધઇ મારવાની દવા પી લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૨/૨૦૨૩ ના કલાક ૯/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિંહ જગતસિંહ ચલાવે છે.

**બોડકદેવઃ** કાર્તિકભાઇ બીપીનભાઈ સંખેસરા (ઉ.વ.૩૩)(રહે.કબીર સરકારી વસાહત સીમ્સ હોસ્પીટલની બાજુમા, પ્રધાનમંત્રી આવાસ યોજના, સોલા) તા.૨૯/૧૨/૨૦૨૩ ના કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પાણી સમજી ભૂલથી એસિડ પી લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.સી.ગોહીલ ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૯૫/૨૦૨૩</u>

**શહેરકોટડાઃ** કૈલાશકુમાર લક્ષ્મણ પંડિત (ઉ.વ.૨૬)(રહે.આવિસ્કાર ફ્લેટ અશોકમીલ સામે નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે નાઇલોન દોરી અને વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઇ વિરચંદભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** ભુમીકા ડો/ઓ લાલજીભાઇ ચૌહાણ (ઉ.વ.૧૫)(રહે.પહેલો માળ, જનતાનગર, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૨૦૨૩ સવારના ૮/૦૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.રાજપુત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી